સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બિહારમાં પણ હસાનાં બારણાં ખૂલી ગયાં!
અપવાસી પોલીસને હવે 'પારણાં' થઈ ગયાં!
ધારણા પડશે સાચી આવકની ઉપર સુધી -
ચિંતા મટી ચૂંટણી ખર્ચની, વારણા થઈ ગયાં!!
(બિહારમાં 'ગુજરાત જેવી જ' દારૂબંધી થશે)

હાઈકુ

ગંભીર નથી,
કોઈ દેશને માટે
ચાય પે ચર્ચા !!

લડો સંપીને -
માંહોમાંય નહીં જ -
આતંક સામે...

ચિંતન

બંધે કો બંધા મિલા, છૂટે કૌન ઉપાય, કર સેવા નિરબંધ કી, પલ મેં લેત છુડાય.

તૃષ્ણા બંધનનું કારણ છે, તૃષ્ણાનો ત્યાગ એ મોક્ષની પૂર્વ શરત છે. જે મોહ-માયાના પાશમાં બંધાયેલ છે તેને ગુરુ કરીને મુક્તિ કેમ મળે? ધર્મનો અર્થ ધન-પ્રાપ્તિનું સાધન એમ માનીને સંપત્તિ અને ચેલાઓનું સામ્રાજ્ય નિર્માણ કરતાં મહંતો-સ્વામીઓ-મુલ્લાઓ કે ગાદીપતિઓ પાસે જનાર મુમુક્ષો અનેક પ્રકારનાં બંધનોમાં ફસાય છે.

સંસારમાં બંધનો તો વૈરાગ્ય વિના છૂટે નહીં, બ્રહ્માનંજીએ કહ્યું કે, 'ત્યાગ ટકે નહીં વૈરાગ્ય વિના કરીએ કોટી ઉપાયજી' જેમણે જ્ઞાન પ્રાપ્ત કરી આસક્તિમાંથી છૂટકારો મેળવ્યો છે. તેવા ગુરુનો અલ્પ સત્સંગ પણ મુક્તિનાં દ્વાર ખોલી આપે છે.

મોક્ષના માર્ગે ચાલતા-ચાલતા પણ ઈચ્છાઓની તીવ્રતા ગમે તેવા તપસ્વીને રસ્તો ભુલવાડી દે છે. સ્થિતપ્રજ્ઞ છે તેમાં સર્વ ઈચ્છાઓ તજી, સમતા ધારણ કરી, પરોપકાર માટે પ્રવૃત્તિમય રહેવાનું જરુરી છે.

કબીરજી કોઈ પાખંડ સહન કરી શકતા નથી તેથી તેનો આક્રોસ છે કે, ખોટા માર્ગે કેમ છો? સાચા માર્ગે ચાલો તો મુક્તિ તો પળવારમાં મળે.

સુવિચાર

- માનવીના સત્કર્મો તેને મૃત્યુ પછીયે જીતાડે છે... અને દુષ્કર્મો જીવતાજીવત મારી નાખે છે - **હૃદયસૂત્ર**
- ગુજરાતીઓને શેર-શાયરી કરતાં શેરબજારમાં વધુ રસ હોય છે... નવલકથા કરતા નેકલેસમાં અને નિબંધ કરતાં બાજુબંધમાં વિશેષ રસ હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- એકવીસમી સદીના માનવીને ઈશ્વર પ્રાપ્તિ કરતાં અક્કલ પ્રાપ્તિ અને સ્વર્ગ પ્રાપ્તિ કરતાં સંસ્કાર પ્રાપ્તિની વિશેષ જરુર છે - **અખંડ આનંદ**
- તિજોરી ખોલુંને ભલે કાંકરા નીકળે... પ્રાર્થના કરું ઘડપણમાં દીકરા સારા નીકળે... - **દિનેશ પંચાલ**
- પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા... મરજી મુજબની પણ થોડી મજા હોવી જોઈએ - **મરીઝ**
- શ્રદ્ધાળુઓ રામમંત્રની ચોપડીમાં એક દિવસમાં હજાર વાર રામનામ લખે છે... પણ હજાર દિવસોમાં રામ રાજી થાય એવું કામ પણ કરતાં નથી - **પૂજ્ય મોટા**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આતંકી હુમલાઓ પછી એક અઠવાડિયું 'સૌ એલર્ટ' રહે છે પછી પાછા એવા ને એવા - આપણી સુરક્ષામાં છીંડા તો છે જ, સુરક્ષાકર્મીઓમાં પણ કેટલાક નબળી 'મનોદશા' વાળા હોય તો જ આવું સંભવે...

ત્રણ સૈનિકોને કિલ્લાની સુરક્ષા સોંપવામાં આવી હતી. રાત્રિ દરમિયાન ગઢની બારી ન ખોલવાની સ્પષ્ટ સૂચના હતી. અર્ધી રાત્રે, પડોશના રાજયનો એક જાસૂસે ગઢની બારી ખટખટાવી, સૈનિકે છિદ્રમાંથી જોયું. જાસૂસે - સૈનિકને મિઠાઈનું પેકેટ બતાવ્યું થયું. સૈનિક ભૂખ્યા જ હતા. સાથીઓ સાથે ચર્ચા કરી ટૂકડો એને જ ખવડાવો - ઝેરી હશે તો ખુદ મરશે. નહીં હોય તો આપણે ખાઈ જશું!!

જાસૂસ પહેલો ટૂકડો ખાધો કંઈ ન થવાનો દેખાવ કર્યો. સૈનિકો મિઠાઈ ઝાપટી ગયા. અને જાસૂસને નગરમાં જવા દેવા વિચાર્યું ત્યાં તો જાસૂસે ઉલટી કરી, આખો ચકળવકળ કરી - ચક્કરખાઈ પડી ગયો.

સૈનિકોએ પૂછ્યું શું થયું? જાસૂસ કહે મિઠાઈ ઝેરી જ હતી. મને થયું તે તમને પણ થોડીવારે થશે!

સૈનિકો એને છોડી ડૉકટર પાસે ભાગ્યા.

જાસૂસ આરામથી નગરમાં પ્રવેશ્યો.

ભાજપની અગ્નિપરીક્ષા

તંત્રીસ્થાનેથી....

સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના બીજા તબક્કામાં રાજયની ઘણી નગરપાલિકાઓ અને ૩૧ જિલ્લા પંચાયતો તેમજ એમની હેઠળ આવતી તાલુકા પંચાયતોની ચૂંટણી યોજાઈ ગયઈ. સરેરાશ ૬૫ ટકાથી વધુ મતદાન થયું તે પ્રજાની લોકશાહી અને સ્થાનિક સ્વરાજમાં શ્રદ્ધાની પ્રતીતિ કરાવે છે. મતદાન કોઈ પણ પક્ષે થયું હોય, પરંતુ મતદારોએ બૂથ સુધી જવાની તૈયારી દર્શાવી છે તે વધારે અગત્યનું છે. એમાં પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં શાસક પક્ષ અને વિપક્ષના ધુરંધરોએ એડી ચોટીનું જોર લગાવ્યું તે સૂચક છે. નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન અત્ર-તત્ર-સર્વત્ર ભારતીય જનતા પાર્ટીની બોલબાલા હતી. કોંગ્રેસને દેશ આખામાંથી ઉખાડી નાખવાની હાકલ કરનારા નરેન્દ્ર મોદીએએમના સાડા બાર વર્ષના શાસનકાળમાં ગુજરાતમાંથી કોંગ્રેસને અક્ષરક્ષઃ નેસ્તનાબૂદ જ કરી દીધી હતી, એમ કહેવામાં અતિશયોક્તિ નહીં ગણાય. અલબત્ત, કોંગ્રેસ સિવાય અહીં બીજો કોઈ રાજકીય પક્ષ નહીં હોવાથી બીજા નંબરની પાર્ટી તરીકે અને પાંચ-દસ ટકાના તફાવતથી મતો અંકે કરનારી પાર્ટી તો કોંગ્રેસ જ રહેતી આવી છે, એની પણ નોંધ લેવી જ રહી. છેક કેશુભાઈ પટેલના શાસનકાળ સુધી ભાજપ માત્ર ઉજળિયાતો અને પાટીદારોનો પક્ષ મનાતો હોત. નરેન્દ્ર મોદીએ પોતે જ બક્ષી જાતિના હોવાને કારણે અને હિંદુત્વના પ્રખર હિમાયતીની એમની દંઢીભૂત થયેલી છાપને લીધે આ સમીકરણ વિસ્તાર્યું હતું. માધવસિંહ સોલંકીની 'ખામ' થિયરીમાંથી મુસ્લિમ સિવાયના ઘટકો પણ ઘટતા ઓછા પ્રમાણમાં ભાજપ સાથે જોડાઈ જતાં કોંગ્રેસ ખૂબ જ દયનીય અવસ્થામાં મુકાઈ ગઈ હતી. કાળક્રમે મોદીનું કદ વધતું ચાલ્યું અને એમને દેશની સત્તાનાં સૂત્રો સંભાળતા ગુજરાત છોડવું પડ્યું ત્યારે સ્વાભાવિક રીતે જ રાજયમાં નેતૃત્વનો શૂન્યાકવાશ સરજાવા પામ્યો હતો. નરેન્દ્ર મોદીનાં વિશ્વાસુ સાથી આનંદીબેન પટેલે 'ગતિશીલ ગુજરાત'નું સૂત્ર આપી મોદીનાં પેંગડામાં પગ ઘાલવાનો યશસ્વી 'પુરુષાર્થ' કર્યો છે, અનેક નવી યોજનાઓ અમલમાં મૂકી છે અને એક રીતે એમણે નરેન્દ્ર મોદીએ એમનામાં મૂકેલો વિશ્વાસ સાર્થક કરવાની પ્રામાણિક કોશિશ પણ કરી છે. પરંતુ 'પાટીદાર અનામત'નું અણધાર્યું ગ્રહણ નડતાં એમના માટે આ ચૂંટણીઓ મોટા પડકાર સમી નીડવી છે. રાજય ચૂંટણીપંચે ચૂંટણીઓ પાછી ઠેલવા માટે દર્શાવેલા કારણો - ગુજરાત હાઈકોર્ટ અને સર્વોચ્ચ અદાલતને કબૂલમંજૂર નહોતા. એથી ચૂંટણીઓ સમયસર આપવી પડી છે. અને વધતા ઓછા પ્રમાણમાં પાટીદાર સમાજની નારાજગીનો ભોગ પણ બનવું પડ્યું છે. કોંગ્રેસ માટે રાજયમાં પુનઃસ્થાપિત થવાની આ અણધારી સોનેરી તક સાબિત થઈ શકે એમ છે.

માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે



ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વર્ષ ૨૦૧૫ વિદાય થઈ રહેલું છે. કાળની દરેક વહી જતી ક્ષણ સાથે કોઈ સ્મૃતિ સંકળાયેલી રહે છે. આથી સ્વાભાવિક રીતેજ પૂરા વર્ષની સમાપ્તિના આ સમયે વર્ષમાં જોયેલી તેમજ અનુભવેલી અનેક સ્મૃતિઓ તાજી થાય છે. જે માણ્યું છે તેનું સ્મરણ કરવું તે પણ એક લ્હાણું છે તેવું રાજવી કવિ કલાપીએ લખ્યું છે. વર્ષ - ૨૦૧૫ માં આવી એક ઘટના બની જે વિસરવી મુશ્કેલ છે. આ વર્ષમાં આપણી વચ્ચેથી શ્રી નારાયણ દેસાઈ જેવા તેજસ્વી તારકે વિદાય લીધી. ગાંધીના યજ્ઞકુંડના અજવાળા સમાન એક વ્યક્તિની વિદાય અનેક લોકોના દિલમાં ખિન્નતા જન્માવી ગઈ. મુત્યુને આપણાં વિચારોમાં મંગળમય ગણવામાં આવેલું છે. કવિ રાવજીએ લખ્યું છે તેમ 'અજવાળા પહેરીને શ્વાસ' ચાલી નીકળે છે. છતાં કોઇક વ્યક્તિની વિદાય સમગ્ર સમાજને ખાલીપણાનો અનુભવ કરાવે છે. ગાંધીનગર સાથે નારાયણભાઈનો એક વિશિષ્ટ નાતો રહેલો છે. ગાંધીકથાના અવિસ્મરણિય પ્રસંગે તેઓ આપણી વચ્ચે રહ્યા અને ગાંધી-વિચારોની સ્પષ્ટ તથા સુરેખ રજૂઆત કરી.

માંડી મેં તો મનના
ઉમંગ કેરી લહાણી રે
આવો જેને કરવી હોય
ઉજાણી રે.

મહાદેવ દેસાઈ તથા નારાયણ દેસાઈનું ગુજરાત ઋણી છે. પિતા-પુત્રના અનેક ઉપકારોનો બદલો વાળી શકાય તેવો નથી. નારાયણભાઈ એટલે ગાંધીની નિશાળમાં તૈયાર થયેલું એક જીવંત પાત્ર. કર્મ સાથે જ્ઞાનનો એવો સુભગ સમન્વય કે આશિષ નંદી તેમને 'હરતી ફરતી જંગમ વિદ્યાપીઠ' તરીકે ઓળખાવે છે. ગાંધી દર્શનને લોક દરબારમાં લઈ જવાનું કાર્ય નારાયણભાઈ જેવી પધ્ધતિથી કોઈએ કર્યુ નથી. ગાંધી દર્શનને વાસ્તવમાં જીવી જવાનો સજગ પ્રયાસ વિનોબાજી તથા લોકનાયક જયપ્રકાશે ગાંધીજીની વિદાય પછી કર્યો. આજ માર્ગે અનેક ડગલા નારાયણભાઈએ પૂરા આત્મવિશ્વાસથી માંડ્યા. ગાંધી વિચારને કેન્દ્રમાં મૂકવાનો નક્કર પ્રયાસ નારાયણભાઈએ કરણી તથા કથની એમ બન્ને રીતે કર્યો. નારાયણભાઈનો આ પરિશ્રમ સાંપ્રતકાળના ઈતિહાસની ઉજળી ક્ષણો છે.

નારાયણ દેસાઈ જેટલા સબળ વક્તા હતા તેટલાજ સબળ ગદ્યકાર હતા. તેમની કલમની પ્રસાદીથી 'મારું જીવન એજ મારી વાણી' એવું અલૌકિક સત્ય ઉચ્ચારનારા ગાંધી સુધીતો આપણે પહોંચી શક્યા. ગાંધીજી ઉપરાંત ગાંધીયુગની આકાશગંગાના કેટલાયે તેજસ્વી તારકોના જીવનનું ભાતીગળ દર્શન આપણે નારાયણભાઈની કલમ પ્રસાદી થકી કરી શક્યા તે પણ એક મહત્વની ઘટના છે. જેમના સંસ્મરણો તેમણે લખ્યાતે સ્વાનુભવ થકી લખ્યા તે ચરિત્ર નિબંધોમાં જવલ્લે બનતી ઘટના છે. એક ઉદાહરણ તરીકે જોઈએ તો સરદાર સાહેબ માટે નારાયણ દેસાઈ લખે છે : સરદારની સરખામણી શ્રીફળ જોડે કરી શકાય. વજ્થી કઠોર અને પુષ્પથી કોમળ એવું સરદારનું વ્યક્તિત્વ હતું. સરદાર સાહેબ વિશે પ્રકાશ પાડતા નારાયણભાઈ કહે છે કે આ ચરોતરના વીરને સત્તા માટેની અનાસક્તિ ગાંધી જેટલીજ હતી. નારાયણ દેસાઈના લખાણોમાં બહોળા અધ્યયન તેમજ તર્કબધ્ધ પૃથક્કરણનું સાતત્ય જોવા મળે છે. તેમના લાખાણો તેમજ વકતવ્યો લોકભોગ્ય રહ્યા છે. લોકસમૂહમાં ગાંધી-વિચારની સૌરભ તેમના લખાણોને કારણે તથા તેમના જીવનકાર્યોને કારણે પ્રસરી છે. કવિગુરુ ટાગોરના સુંદર શબ્દો નારાયણ દેસાઈને અર્પણ કરવા જેવા છે.

કૈંક અજાણ્યાંની ઓળખ દીધી
ને કૈંક ઉઘાડી તે ઘરની ડેલી
દૂરના સાથે ગોઠ કરાવી
ને પારકાને કીધ બંધવા બેલી.

સાબરમતી તથા સેવાગ્રામ આશ્રમોમાં ઘડાઈને તૈયાર થયેલા નારાયણ દેસાઈના જીવન તેમજ લખાણોમાં સત્ય પરત્વેની ગાંધી નિષ્ઠાનો રણકાર જોવા - સાંભળવા મળે છે. અનેક ભાષાઓનું જ્ઞાન તેમને હાથવગું છે. આપણા દેશનો પૂર્વ વિસ્તાર જ્યારે અનેક સમસ્યાઓથી ઘેરાયેલો હતો ત્યારે નારાયણભાઈ ત્યાં મુશ્કેલીઓ વચ્ચે મલમપટ્ટો કરવા વિચરણ કરતા હતા. એક સબળ સાહિત્યકાર તરીકે તેઓ અનેક સાહિત્ય સર્જકોને પણ માર્ગદર્શક બની રહ્યા હતા. સાહિત્યકાર એ સમાજથી વિમુખ ન હોવો જોઈએ તેવી વિનોબાજીની વાત નારાયણ દેસાઈના જીવનમાં વણાયેલી જોવા મળે છે. તુકારામ કે નરસિંહ જેવા સંત સર્જકોની જેમ નારાયણભાઈ તેમના સાહિત્ય સર્જનો તથા ગાંધી કથા થકી સમાજને જાગૃતિની દિશામાં દોરી શક્યા હતા. નારાયણ દેસાઈની સ્મૃતિ કરોડો ગુજરાતીઓના મનમાંથી ભૂંસાઈ શકે તેવી નથી.

ચુપ તુમ રહો... ચુપ હમ રહે... ખામીશો કો ખામોશી સે બાત કરને દો...



વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

એમ.એમ.કીમના કોમી અવાજમાં ગવાયેલું આ અદ્‌ભૂત ગીત સાંભળીને મજા આવી ગઈ... પણ સાલું મન તો મરકટ છે... આ રોમેન્ટીક ગીત સાંભળીને મનની ગોફણ વળી બીજા જ કાચ પલ જઈને ફૂટી...

કે... 'ચુપ રહેવાનો અધિકાર આપણને બધાને છે યોગ્ય સમયે અને યોગ્ય પરિસ્થિતિમાં ચૂપ રહેવું એ એક આવડત છે.'

પણ મોટાભાગના લોકો ત્યારે ચૂપ રહે છે જયારે ચૂપ રહેવાની જરુર નથી હોતી... અને ત્યારે બોલે છે જયારે ન બોલવું જોઈએ... પણ સાલો સવાલ એ છે કે 'યોગ્ય સમય' કોણ નક્કી કરે?

આપણે બધાં જ પોત-પોતાની પરિસ્થિતિમાં જીવીએ છીએ... કોઈ પણ બે માણસના અનુભવ સરખા નથી હોતા. ઈમોશન્સ સરખા નથી હોતા... અને માટે જયારે ને ત્યારે સંભળાતું વાહિયાત વાક્ય 'હું એની જગ્યાએ હોત તો આમ કરત.... અથવા તેમ કરત...' બોર કરે છે...

દુનિયાનો દરેક માણસ જયારે પણ નિર્ણય કરે છે અભિપ્રાય આપે છે, ત્યારે પોતાની પાસે જે સૂંડલો હોય છે, તેમાંથી તેની સાથે બનેલી ઘટના અથવા દુર્ઘટનાઓના આધારે 'હોલસેલ'માં શીખામણોનો મારો કરતો હોય છે... આ ત્રાસની વાત છે...

Anyway માણસ જયારે ચૂપ રહેવાનું નક્કી કરે છે ત્યારે તેની પાસે પોતાના કારણો હોય છે ઘણાને એમ લાગે છે કે પોતાની લાગણીની વાત કહેવાથી સામેનો માણસ પોતાને ઓળખી જશે... ઓળખાઈ જવાનો ભય માણસોને ક્યારેક ડરાવી દેતો હોય છે... અને પોતાની લાગણીઓ સુધી કોઈ પહોંચી જશે તો કદાચ એ માણસ મને દુઃખી કરવાનો અધિકરા પ્રાપ્ત કરી લેશે...

કેટલાક વળી એવું માનતા હોય છે કે, પોતાના મનમાં ચાલી રહેલી વાત કોઈને ન કહેવી, કે પોતાની લાગણીઓ છુપાવવી અથવા પોતાના મનનો તાગ કોઈને ન કળવા દેવો તે બહુ બહાદુરીની વાત છે... પરંતુ ખરેખર વાત છૂપાવવા માટે નહીં ખુલ્લા દિલથી કહેવા માટે હિંમતની જરૂર પડતી હોય છે...

કહી દીધા પછી તમે ઉઘાડા પડી જશો, એવી બીક હોય કે પછી તમારી વાત નો હકારાત્મક રિસપોન્સ નહીં મળે! હસી નાખવામાં આવશે કે પછી માછલા ધોવાશે... આ બધી જ પરિસ્થિતિઓમાં સૌથી સારી વાત એ રહે છે કે તમે બોલી નાખવાથી હલકા થઈ જશો...

કારણ કે લાગણીના સંબંધો હંમેશા સત્યના પાયા પર ઊભા હોવા જોઈએ. સંબંધોની રમત અટપટી છે... માણસ માત્ર અસલામતીથી પીડાય છે... આવામાં ચૂપચાપ કોઈ સંબંધ સાચવવા પડે છે... તો કોઈ સંબંધ સચવાતા જાય છે...

પોતાની વાત કહેતા અચકાવું પડે કે પોતાની લાગણીઓ સંતાડવી પડે ત્યારે સમજવું કે તે સંબંધ હજી કાચો છે... અને આ વાતની આપણને ચોક્કસ ખબર છે...

બાત મુંહ સે કહી જાતી હૈ, મુંહ પર કહી જાતી હૈ ઔર મુહ દેખકર કહી જાતી હૈ...

વર્ષો પહેલાં કોઈ એક હિન્દી નવલકથામાં વાંચેલ આ વાત અત્યારે યાદ આવે છે... મોઢું ફેરવીને જે વાત કહેવાય ગુસ્સાની હોય... લાજ-શરમની, ટોન્ટ મારવાની વાત હોય છે...

બોલી નાખવું... અને ન બોલવું... આ બંને ખૂબ પેચીદા છે અને નિરક્ષીર વિવેકના પારખા કરાવે તેવા મુદ્દા છે... માટે જ તો આપણે ત્યાં વિરોધાભાસી કહેવતો... 'ન બોલ્યામાં નવ ગુણ' અને 'બોલે તેના બોર વેંચાય' જેવા દૃષ્ટાંતો પડેલા છે...

ચૂપ રહીને મીંઢા બની રહેવું એવી જ રીતે બોલી બોલીને બકવાસ કરવો આ બંને અનાવશ્યક વમન છે...

બોલ-વા ઉપડ્યા પછી લૂલી કાબૂમાં રહેતી હોય તેવા બોલવીરોની આપણે ત્યાં કમી નથી. સલમાન ખુર્શીદ, મણિશંકર ઐયર, સાક્ષી મહારાજ, દિગ્ગી રાજા લેટેસ્ટ ફારૂખ અબ્દુલ્લા જેવા અઢળક મૂર્ખાઓનો શબ્દોનો એંઠવાડ કાનમાં ઠલવાય છે...

બિનજરુરી - વાહિયાત વાત કરી-કરીને લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચતા રહેવું એ... માનસિક બિમારી છે...

તો બીજી તરફ ચૂપ રહીને તમાશો જોનારા આપણા જેવા પણ ઓછા તો નથી જ ને...

વિચાર સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટે ગ્રેજ્યુએશનનો કોર્સ હોવો જોઈએ... અમુક તમુક વર્ષોની ટ્રેનિંગ પછી જ મોઢામાંથી ફાટવા જેવી વાતો વહેતી કરવાનો હક્ક હોવો જોઈએ...**Facebook, Twitter, Whats App** અને આવી ઢગલો સોશ્યલ સાઈટ્સ પર તમારા વિચારોનો ઉકરડો ઠાલવો ત્યારે કાંઈક તો પ્રમાણભાન રાખવું જોઈએ ને! આમીર-શાહરૂખની અસહિષ્ણુતાની ટિપ્પણી કે પછી તેના વિવાદીત બયાન પછી ઠલવાતો 'અતિસાર' રુપી લોકોનો ગુસ્સો.... આ બધું જ વાક્ દેવીના અપમાન બરાબર છે...

ઘણી વળી ચૂપ પણ ન રહે અને સીધી વાત પણ ન કરે... અસ્પષ્ટ કંઈક અણસમજ્યું ગાંગર્યા કરે...

કંઈક કષ્ટ છે એ વાત ગોળ ગોળ ન કર
જે કહેવું હોય તે કહીં નાખ, ચોળ ચોળ ન કર...

- ર.પા.

હા! પણ સ્પષ્ટ વક્તા થવા માટે સ્પષ્ટ વિચાર હોવા જરુરી છે... બોલવું, અભિપ્રાય આપવો, બફાટ કરવો, આ બધી અલગ-અલગ વસ્તુ છે, તેની વચ્ચેનો ભેદ જયાં સુધી ખબર ન પડે ત્યાં સુધી... અદબ, પલાંઠી મોં પર આંગળી જ સારી!

યથા ચિંત તથા વાણી, યથા વાણી તથા ક્રિયા
ચિત્તે વાચી ક્રિયાયાં ચ સાધૂનામ એકરુપતા...

- જેવું વિચારવું તેમ બોલવું... જે બોલવું તે કરવું... વિચાર, વચન અને ક્રિયામાં સજ્જનોની એકરુપતા હોય છે...

- jayuoza@gmail.com

અનાહિતા જેવા જીવદયા પ્રેમીઓની ભાવના જાગે ત્યારે અજવાળા રેલાય છે

અજવાળું - અજવાળું

તુષાર જોશી

'જયાં સુધી તમે આ મૂંગા પક્ષીની યોગ્ય સારવાર અને કાળજી માટેની વ્યવસ્થા નહિ કરો, ત્યાં સુધી આપણે બધાનો પ્રવાસ અહીંથી આગળ નહિ વધે અને હું અહીં જ બેસી જઈશ.'

બ્રિટનથી આવેલી અનાહિતાએ એના પપ્પાને કહ્યું, અને એક ઓટલા પર પોતાના ખોળામાં કબુતરને લઈને એ બેસી ગઈ.

મધ્ય ગુજરાતમાં એક નાનકડા ગામમાં જન્મ લઈને કિશોરવયે આફ્રિકા અને પછીથી બ્રિટન સ્થાયી થયેલા ચંદ્રકાન્તભાઈની મહેનત, મળતાવડો સ્વભાવ અને વ્યવસાયિક કુનેહને કારણે લંડનમાં ગુજરાતીઓ જ નહિ, બિન-ગુજરાતી એશિયનોમાં પણ ખુબ સારી શાખ અને પ્રતિષ્ઠા હતી. બ્રિટનમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હોય કે સ્થાયી થયેલા ભારતીયો, પોતાના પ્રશ્નોના ઉકેલ માટે ચંદ્રકાન્તભાઈનું હંમેશા માર્ગદર્શન મેળવતા. ભારથી જતા વિધવિધ ક્ષેત્રના મહાનુભાવો અને કલા-ઉપાસકો એમનું આતિથ્ય અને સત્કાર માણીને આનંદ અને ગૌરવની લાગણી અનુભવે એવો એમનો પ્રેમાળ સ્વભાવ તમામ ભારતીયો અને ગુજરાતીઓની જેમ ચંદ્રકાન્તભાઈને પણ પોતીકી પરંપરા-સભ્યતા-સંસ્કાર અને રીતરિવાજો પ્રત્યે લગાવ ઘણો. દેવોના દેવ મહાદેવમાં અપાર શ્રદ્ધા ધરવતા ચંદ્રકાન્તભાઈ નિયમિત ગુજરાત આવે-જાય. પરિણામે ગુજરાત-મુંબઈમાં પણ એમનો વિશાળ ચાહકવર્ગ.

'જો ગુજરાતની આતિથ્ય પરંપરાનો સાચો ખ્યાલ મેળવવો હોય તો હોટલમાં નહિ, મારા ઘરે જ તમારે રોકાવું પડશે.' આમ કહીને અતિભેકે સમગ્ર ટૂરનો પ્લાન એડવાન્સમાં ગોઠવી આપ્યો.

બ્રિટનમાં જ રહેતી અભિષેકની બહેન પણ સાથે જ આવી. અમદાવાદ એરપોર્ટ પર સહુનું સ્વાગત થયું. ઘરે આવ્યા. અનાહિતા અભિષેકના મમ્મીને પગે લાગી, એની પત્ની અને દીકરી સાથે થોડા જ કલાકોમાં હળીમળી ગઈ. ઘરમાં ડાઈનીંગ ટેબલ પર નહિ નીચે બેસીને જમે, રસોડામાં બનતી વિવિધ વાનગીઓ વિશે જાણકારી મેળવે અને પરિવાર સાથે પ્રવાસન સ્થળો પર ફરવાનો આનંદ મેળવે.

સમય-પૈસા અને સુવિધાનો શ્રેષ્ઠ ઉપયોગ થાય એ રીતે અભિષેકે બે વીકનું આયોજન કર્યું હતું. ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના આબુના પ્રવાસના આરંભે સહુ નીકળ્યા અને વહેલી સવારે પહોંચ્યા સૂર્યમંદિર મોઢેરા. અહીંના શિલ્પ અને સ્થાપત્ય તથા ઈતિહાસ વિશે અનાહિતએ જાણકારી મેળવી અને અચાનક તેની નજર એક ખૂણામાં બેઠેલા કબૂતર પર ગઈ. કોઈને ખ્યાલ ન હતો પણ અનાહિતાએ ઓબ્ઝર્વ કર્યું કે એ કબૂતર બિમાર છે અને ચાલી શકતું નથી. વ્હાલથી ઊંચકી લીધું. અભિષેકને અને એના પિતાને કહ્યું કે આને સારવારની જરુર છે, તાત્કાલિક હોસ્પિટલે લઈ ચાલો આપણા વાહનમાં. કબૂતર ઈજાગ્રસ્ત ન હતું, છેલ્લા શ્વાસે પણ ન હતું, છતાં અનાહિતાએ એના પ્રત્યે જીવદયાની ઉત્કટ ભાવના પ્રગટ કરી. સ્થાનિક માણસો- જોડાયા. સંપર્કો થયા પણ કબૂતરને હોસ્પિટલ પહોંચાડું પછી જ પ્રવાસ કરું એવી એની જીદ વચ્ચે જયારે ચંદ્રકાન્ત ભાઈ એને સમજાવતા હતા કે સ્થાનિક માણસો એની સારવાર કરાવશે જ એ જવાબદારી ત્યારે પણ લે છે, આપણે આગળ પ્રવાસમાં જઈએ ત્યારે વાક્ય કહીને પ્રવાસમાં આગળ ન જવાનું કહી દીધું. આખરે ફોન પર સંપર્કો થયા. કોઈ ગંભીર બિમારી નથી એની ખાત્રી આપવામાં આવી પછી અનાહિતાએ ભારે હૈયે પંપાળતા એ કબુતરને સ્થાનિક માણસને સોંપ્યું. અને વચન લીધું કે બરાબર સાચવજો આ મૂંગા પક્ષીને. એ પછી જ એટલું જ નહિ દર-બે ત્રણ કલાકે ફોન કરીને કબૂતરની સ્થિતિ વિશે જાણકારી મેળવતી રહી પછી જ એને ફરવાનો મૂડ આવ્યો.

ડિસેમ્બરની ઠંડીમાં પણ અનાહિતાની અંદર જીવદયાનું તાપણું પ્રગટી રહ્યાની આ ઘટનામાં બે વાત ધ્યાન ખેંચનારી છે.

પ્રથમ બાબત એ કે, ચંદ્રકાન્તભાઈ એમની દીકરીને કોઈ પણ સારી હોટલમાં રાખી શકે એટલા આર્થિક સક્ષમ હોવા છતાં એમણે પારિવારિક સ્વજન અભિષેકના ઘરે અનાહિતાને રહેવા માટે પસંદગી કરી કારણ કે એમની દીકરી આપણા કલ્ચરને નજીકથી જુએ - જાણે અને માણે એવી એમની લાગણી હતી. અનાહિતાને પણ એટલો જ રસ હતો. અહીંના જીવનના ધબકારને ઝીલવાનો. પરિણામે એમના માટે આ પ્રવાસનના તમામ દિવસો સ્મરણીય બની રહ્યા.

બીજી બાબત તે અનાહિતાના હૈયામાં સમાયેલી પ્રાણી માત્ર માટેની જીવદયાની લાગણી. માણસોને તો પ્રેમ કરવો જ જોઈએ પરંતુ મુંગા પશુ-પંખીને પણ પ્રેમ કરવો - એમની બિમારીમાં મદદ કરવા પોતાના પ્રવાસને પડતા મુકવાની તૈયારી બતાવવી એ સાહજિક સંવેદના અનાહિતાના માણસાઈથી ભર્યા ભર્યા વ્યક્તિત્વની નિશાની છે.

મૂંગા પશુ પંખીને આપણી પરંપરામાં પરિવારના જ સભ્ય તરીકે ગણાયા છે. ઘરમાં બનતી પહેલી રોટલી ગાય કે કુતરાને આપવાનો રિવાજ આજે પણ ગ્રામ્ય સંસ્કૃતિમાં સચવાયો છે. પક્ષીઓ માટે ચણ નાખીને પુણ્ય કમાવાના માધ્યમ રુપે ગામે ગામ જોવા મળતા ચબુતરા લોક સંસ્કૃતિના રક્ષક બનીને આજેય ઊભા છે. શહેરોમાં શરૂ થયેલી એનિમલ - હેલ્પલાઈનો અને પશુ-પંખી માટેની આધુનિક હોસ્પિટલો એ જ દિશાનું આવકારદાયક પગલું છે. અનાહિતા જેવા જીવદયા પ્રેમીઓની ભાવના જાગે ત્યારે અજવાળા રેલાય છે.

તેજપૂંજ :

કેટલાંક ગીતોનું સ્મરણ :

- **પંખીઓએ કલશોર કર્યો ભાઈ...**
- **મેં એક બિલાડી પાળી છે...**
- **ઘોડાગાડી ઘોડાગાડી...**
- **પરોઢિયે પંખી જાગીને...**
- **મને પંખી થવું ગમે...**
- **કબૂતરોનું ઘૂ..ઘૂ..ઘૂ...**
- **મોર બની થનગાટ કરે...**
- **હાથીભાઈ તો જાડા...**